જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૪/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૫૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૫૩	૨	૧૧૩૫૫	૧૭૪૭૩	૨	૧૭૪૭૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૨૯૦૪	૨૩૦	૩૩૧૩૪	૩૪૨૬૫	૨૨૪	૩૪૪૮૯
કુલ		૪૯૦૩૮	૨૩૨	૪૯૨૭૦	૫૮૨૫૩	૨૨૬	૫૮૪૭૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦	૮,૭૫,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૯૦	૧૩,૯૦,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

બાપુનગર પો.સ્ટે.ના ૩૦૭ ના ગુન્હામાં છેલ્લા સાત મહિનાથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૧૦/૦૪/૨૦૨૧ ના રોજ સવારના ક.૧૦/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૧/૦૫ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતેથી પસાર થતા હતા તે દરમ્યાન **અ.હેડ.કોન્સ દિનેશભાઇ જીવાભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **એક ઇસમ કે જેણે શરીરે ક્રિમ કલર નુ ફુલ ની ડિઝાઇન વાળો શર્ટ તથા આસમાની કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તે ઇસમ બાપુનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૭૨૦ ૧૦૩૯/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૦૭,૩૨૪,૩૨૩, ૨૯૪ (ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે ના આજદિન સુધી નાસતો ફરે છે અને જે ઇસમ હાલમાં ખોડીયારનગર ચાર રસ્તા થી સર્વીસ રોડ ઉપર ચાલતો ચાલતો આવી ઠક્કરનગર ચાર રસ્તા થઇને આગળ વિજય પાર્ક ત્રણ રસ્તા બાજુ જનાર છે** " જે હકિકત આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો સાથે પંચોને સાથે રાખી સદરી ઇસમની વોચમાં રહી સદરી જગ્યાએથી પકડી પાડી તેની પૂછપરછ કરતા આજથી આશરે સાતેક મહિના પહેલા તા.૦૮/૦૯/૨૦૨૦ ના રોજ પોતે રાત્રીના આશરે સાડા દસેક વાગ્યાની આસ-પાસ ખોડીયારનગર ચાર રસ્તા પાસે આવેલ જલારામ આઇસ્ક્રિમ દુકાન આગળ ઉભો હતો તે દરમ્યાન તેનો મિત્ર ઉપરોકત કામનો ફરિયાદી નિરજભાઇ ભરતભાઇ યાદવ રહે,જયશ્રીનગર બાપુનગર નાનો તેની ઓટો રિક્ષા લઇને આવેલ અને તેનો છોકરો દક્ષ તેની સાથે હોય અને પોતે આ દક્ષ સાથે મસ્તી કરતા નિરજ એ મસ્તી કરવાની ના પાડેલ જેથી તેણે નિરજ ને જણાવેલ કે દોઢેક વર્ષ પહેલા પુનમ દંતાણી ને ચાકુ મારેલ તે વખતે તુ કેમ સારવાર માટે લઇ ગયેલ ? તેવુ કહેતા આ નિરજએ જણાવેલ કે પુનમ દંતાણી તેનો મિત્ર થતો હોય જેથી સારવાર માટે લઇ ગયેલ તેવુ કહેતા પોતે ત્યાથી જતો રહેલ અને રાતના પોણા અગિયારેક વાગ્યાના સુમારે પોતે તથા તેનો મોટો ભાઇ રવી તથા મિત્ર દિપેશ ઉર્ફે પોટલી અગ્રવાલ નાઓની સાથે ખોડીયારનગર ચાર રસ્તા પાસે અન્ના ની કિટલી ઉપર ચા પીવા ગયેલ તે દરમ્યાન તેઓએ ફરિયાદી નિરજભાઇ ત્યા ઉભા હોય જેથી તેના ભાઇ રવીએ આ નિરજભાઇની બોચી પકડી જણાવેલ કે તુ દાદા થઇ ગયો છે જેથી તુ મસ્તી

કરવાની ના પાડે છે ? તેવુ કહી તેના રવી એ નિરજભાઇને ગડદાપાટૂનો માર મારેલ અને પોતે પણ નજીક ગયેલ અને રવી ની સાથે આ નિરજભાઇને ગડદાપાટૂનો માર મારેલ અને તેનો મિત્ર દિપક પોટલી પણ તેની સાથે નિરજભાઇને શરીરે ગડદાપાટૂનો માર મારવા લાગેલ આ દરમ્યાન તેના ભાઇ રવી પાસે ચપ્પુ હોય જેનાથી ફરિયાદીને પગના જાંગ ના ભાગે ચપ્પા નો એક મારી દિધેલ તેમજ પેટના ભાગે પણ એક ઘા મારેલ અને દિપક પોટલીએ નિરજભાઇ ને ગંદી ગાળો બોલી પથ્થર લઇ બરડાના ભાગે મારી દિધેલ અને ત્યારબાદ પોતે ત્રણેય ત્યાથી ભાગી ગયેલ અને ત્યારબાદ બે દિવસ પછી ત્રણેય પકડાઇ ગયેલ અને પોતાની સી.હો.માં કોરોના સારવાર કરાવતા પોતે પોજીટીવ આવતા સી.હો.ખાતે દાખલ હતો અને ત્યારબાદ પોતે સાજો થતા સી.હો.માંથી નાસી ગયેલ અને પોતે આજદિન સુધી સદર ગુન્હાના કામે નાસતો ફરતો હતો તેવી હકિકત જણાવેલ જેને ક.૧૨/૨૦ વાગે **સી.આર.પી.સી.કલમ-૪૧(૧)આઇ** મુજબ પકડી પાડી આરોપી તથા કાગળો મેળવી લેવા **બાપુનગર પોલીસ સ્ટેશન** વર્ધી લખાવી હાફ મર્ડરના આરોપીની અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૦૪/૨૦૨૧

આરોપીનું નામ:

પવન ઉર્ફે કાળીયો સ/ઓ ચંદનસિંગ કલીરામ જાતે નાઇ ઉ.વ.૨૫ ધંધો-મજુરી રહે.મ.નં-૯૯ વિહતનગર ભીડભંજન રોડ બાપુનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-લાળમ તા.આગ્રા જી-આગ્રા ઉત્તર પ્રદેશ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ દિનેશભાઇ જીવાભાઇ બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪

આરોપી નો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૫૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૩૫૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૧૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૫૪/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ નેહાબહેન દિનેશભાઇ રાવલ (ઉ.વ.૪૯) (રહે. સંકલ્પ એપાર્ટમેન્ટ પકવાન ચાર રસ્તા બોદકદેવ) તા.૦૯/૦૪/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કસ્તુરી એપાર્ટમેન્ટની બાજુમાં કાર એસેસરીઝની ગલીમા રાઘવ રેસ્ટોરંટ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નેહાબહેનના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નેહાબહેન રાવલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૫૫/૨૦૨૧**

મેઘાણીનગરઃ પુજાબહેન વા/ઓ અલ્કેશભાઈ પટણી (ઉ.વ.૩૦) (રહે.કસ્તુરબાઈની જુની ચાલી રાઈપુર મીલ પાસે સરસપુર બહાર ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા મેઘાણીનગર ચમનપુરા મામુ પઠાણની ચાલી ખાતે આવેલ બીજા મકાન ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી